ગાંધીનગર સમાચાર
તા. ૧-૩-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### કોંગ્રેસના માઠા દિવસો અને રાહુલનું ત્રાગું

આજની કોંગ્રેસમાં નહેરુ-સરદાર કે ટિળક-ગોખલેના કદના નેતાઓ નથી પરંતુ જૂથવાદ તે સમયે હતો એ કરતાં અનેક ગણો વધી ગયો છે. ઈન્દિરા ગાંધી અને મોરારજી- નિજલિંગપ્પાના જમાનામાં આ મતભેદ પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા અને કોંગ્રેસનાં બે ફાડિયાં થઈ ગયાં હતાં. અત્યારે કોંગ્રેસ કટકે કટકે કપાઈ રહી છે પરંતુ એમાં દેખીતું વિભાજન થવાની શકયતા એટલા કારણસર નથી રહી કે આ ડૂબતા જહાજમાં વહેંચવા જેવું કશું જ બાકી નથી રહ્યું એવી માનસિકતા ખુદ કોંગ્રેસીઓ ધરાવી રહ્યા છે. હતાશાની ચરમસીમાનો દાખલો કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીના પાર્લામેન્ટના બજેટ સત્ર દરમિયાન ઓચિંતા અને અણધાર્યા પલાયનમાં જોઈ શકાય છે. કોઈ કલ્પી પણ ન શકે કે સદનમાં વિરોધ પક્ષની માન્યતા મેળવવા જેટલી બેઠકો પણ નહીં ધરાવનારી પાર્ટીના પડદા પાઠળના કર્ણધાર આ રીતે બરાબર તાકડે તાકડો સાચવીને ભૂગર્ભમાં 'ચિંતન' કરવા સરી જઈ શકે. રાહુલ ગાંધી ભલે નંબર-ટુ ગણાતા હોય પરંતુ સોનિયા ગાંધીએ એમને બધી જ રીતે પોતાના એક માત્ર વારસ જાહેર કરી દીધા છે, તે કોઈથી અજાણ્યું નથી. લોકસભાની ચૂંટણીમાં ઊંધે માથે પટકાઈ ગયેલી પાર્ટીને ફરી બેઠી કરવા માટે અને આજે એની જે કરુણાજનક અવદશા થઈ છે એનાં કારણો શોધી કાઢવા માટે ચિંતન-મનન અને વિચાર વિમર્શની જરૂર તો હતી જ. કારણ કે કોંગ્રેસનું ધોવાણ માત્ર નાનીમોટી ચૂંટણીઓમાં વધતું જ ગયું છે. હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડ જેવાં રાજ્યોમાં એનુ નિકંદન નીકળી ગયું છે, તો વળી જમ્મુ અને કાશ્મીરમાં એ ચોથો નંબરે ધકેલાઈ ગઈ છે. સૌથી વધારે કરુણ સ્થિતિ દિલ્હી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોમાં દૃષ્ટિગોચર થાય છે. કોંગ્રેસના ફકત ચાર ઉમેદવારોની ડિપોઝિટ બચી છે. જયાં સળંગ પંદર વર્ષ સુધી શીલા દીક્ષિતનો સૂરજ સોળે કળાએ તપતો હતો ત્યાં કહેવાતી કોંગ્રેસની આખેઆખી વોટબેંક કેજરીવાલ લૂંટી ગયા છે. આ સ્થિતિ સોનિયા, રાહુલ સહિત તમામ કોંગ્રેસીઓ માટે ગંભીર આત્મચિંતનની તો છે જ, પાર્ટીમાં સોનિયા- રાહુલના નેતૃત્વ સામે પ્રશ્નાર્થો ઊભા પણ થયા છે, પરંતુ એવી ચિંતન બેઠકો ચુનંદા નેતાઓ અને પાર્ટીની 'થિંકટેન્ક' સાથે ચર્ચા યોજીને થવી જોઈએ. એકલા એકલા રાહુલ ગાંધીને અચાનક બ્રહ્મજ્ઞાન લાધે અને તેઓ કોંગ્રેસને એની પનોતીમાંથી ઉગારી શકે, એ વાત ગળે ઊતરે તેવી નથી. અત્યાર સુધી વિપરીત પરિસ્થિતિમાં પણ ધૈર્ય રાખતા રહેલા નહેરુવંશી ફરજંદ- કોંગ્રેસના કહેવાતા રાજકુમાર ભારે આત્મગ્લાનિમાં સરી ગયા લાગે છે. આવી પછડાટ ખમવી એ નાનાં છોકરાંના ખેલ નથી. રાહુલ ગાંધીએ ખરા સમયે પલાયન કરીને એમનું પોત પરખાવી દીધું છે. આંતરિક વર્તુળોમાં રાહુલ તરફની સૂગ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે અને ગાંધી-નહેરુ પરિવારમાં જ તારણહારની ખોજ કરનારા વફાદારો પ્રિયંકા ગાંધીના ચહેરો બદલી નાખવાથીપાર્ટીની ખંડિત ભાગ્યરેખા બદલાવાની નથી, એ વાતનો અહેસાસ ઘણા સિનિયર કોંગ્રેસીઓને થવા લાગ્યો છે. આ પરિવાર એક 'સિમેન્ટિંગ ફોર્સ' છે- એના ચુંબકીય બળથી કોંગ્રેસીઓનાં વેરવિખેર જૂથો ભેગાં રહી શકે છે, તે હકીકત સ્વીકારતા હોઈ આવા વરિષ્ઠ અગ્રણીઓ સોનિયા પરિવારને સત્તા સ્થાનેથી હટાવવા સુધીની હિકમત તો નહીં જ કરી શકે, પરંતુ શીલા દીક્ષિત, જનાર્દન દ્વિવેદી કે પી.ચિદંબરમ્ અને મણિશંકર ઐયર જેવાનેતાઓ આ પરિસ્થિતિ માટે સોનિયા-રાહુલ જવાબદાર હોવાનું તો માની જ રહ્યા છે. દિગ્વિજયસિંહ અને મધુસૂદન મિસ્ત્રી જેવા રાહુલ સમર્થકો રાહુલ ગાંધી પાર્ટીની સુવાંગ સત્તા સંભાળી લઈ એને પાયામાંથી બેઠી કરે એવું ઈચ્છે છે. જો કે એમને પણ રાહુલનું આ એનટાઈમે પલાયન- ગ્રહણ ટાણે સાપ કાઢવા જેવું ત્રાગુ રુચ્યું તો નથી જ. એમની પાસે રાહુલના બચાવ માટે કોઈ બહાનાં બચ્યાં નથી. રાહુલને કેટલાક સિનિયરો 'પપ્પુ' જ ગણે છે અને એમને પાર્ટીનું સુકાન સોંપી દેવામાં અડચણો ઊભી કરી રહ્યા છે. રાહુલને એમની આ હસ્તક્ષેપ કરવાની રીત ગમી નથી. તેથી રિસાઈને તેઓ વિદેશ ચાલ્યા ગયા હોય કે ઉત્તરાખંડમાં કોઈ ગુપ્ત સ્થળે 'ચિંતન' કરી રહ્યા હોય પરંતુ એમની ઈમેજને આ ઘટનાથી જે ઘસારો પહોંચ્યો છે, તે ઝટ પૂરી શકાય એવો નથી.



યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે તે હેતુથી સર્વ વિશ્વ વિદ્યાલયની તમામ કોલેજોમાં પસંદ કરાયેલા ૫૭ વિદ્યાર્થીઓની પાંચ દિવસીય 'સર્વ નેતૃત્વ નિવાસી શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં નિષ્ણાત ટ્રેનર સુરેશ પટેલ દ્વારા યુવા વિદ્યાર્થીઓને વ્યાખ્યાન, ફિલ્મ્સ, પ્રેઝન્ટેશનના, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કીંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. આ શિબિરના સમાપન સમારોહમાં સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા અમદાવાદ જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર જયંતિભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરનું સંચાલન કો-ઓર્ડિનેટર પ્રા. ધર્મેન્દ્ર પટેલે કર્યું હતું.

## હરિની દૃષ્ટિ...



અમારા શહેરમાં આ સાંસ્કૃતિક કુંજ છે જયાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ વર્ષમાં અઠવાડીયું થાય છે... જયારે પાછળ સરિતા ઉધાનમાં અલગ 'પ્રવૃત્તિ' આખું વર્ષ થાય છે.. !!

# સાહિત્ય-સંગીત-નૃત્યના સંગમ સમા અસ્મિતા પર્વનું આયોજન

### સાહિત્યસંગોષ્ઠિ, કાવ્યાયન, શાસ્ત્રીય સંગીત, નૃત્ય મહોત્સવ અને એવોર્ડ વિતરણ સમારોહ યોજાશે : અનેક ખ્યાતનામ હસ્તીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતી સાહિત્ય અને સંગીત ક્ષેત્રે વિખ્યાત પ્રતિભાઓના ઓજસ્વી પદાર્પણને આવરી લેતા અસ્મિતા પર્વ : ૧૮નું તા. ૧ લી થી ૪થી એપ્રિલ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. આ અસ્મિતા પર્વ ભાવનગર જિલ્લાના મહુવા ખાતે માલણ નદીના કાંઠે વિકસેલ કૈલાશ ગુરૂકુળમાં યોજાશે. જેમાં સંત કથાકાર મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

અસ્મિતા પર્વ : ૧૮માં સાહિત્ય સંગોષ્ઠિ ઉપરાંત શાસ્ત્રીય સંગીત અને નૃત્ય મહોત્સવ યોજાશે. તેમજ આ ક્ષેત્રે વિશેષ પ્રદાન કરનારી વિવિધ પ્રતિભાઓનું એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવશે. સાહિત્ય સંગોષ્ઠિમાં કવિ કર્મ પ્રતિષ્ઠિત અને કાવ્યપાઠ, લોકના શ્લોક, મારો સ્વર : મારી દિશા, નાટ્ય રંગ અને કાવ્યાયન યોજાશે. જેમાં કવિતા, હાલરડાં, મરશિયાં અને ઉખાણાંથી માંડીને ફિલ્મી સંગીત, સૂફી સંગીત, શાસ્ત્રીય સંગીત તેમજ વિવિધ નાટકો પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત વિવિધ વિષયે નિષ્ણાંતો દ્વારા વ્યાખ્યાનો રજુ કરાશે. આ પર્વ દરમ્યાન તલગાજરડાની રામવાડી અને પૂ. મોરારિબાપુના ચિત્રકૂટ ધામે રાત્રિ કાર્યક્રમો યોજાશે જેમાં તાલવાદ્ય-પરક્યૂશન, કથ્થક નૃત્ય, કર્ણાટકી સંગીત, ઉત્તર હિંદુસ્તાની સંગીત, જુગલબંદી અને શાસ્ત્રીય વાદ્યસંગીત રેલાશે.

સાહિત્ય, સંગીત અને લોકકલા ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન કરનાર વિભૂતિઓને એવોર્ડ દ્વારા નવાજાશે જેમાં છબીકલા ક્ષેત્રે આજીવન સેવા પ્રદાન કરવા બદલ ઝવેરીલાલ મહેતાને કૈલાશ લલિતકલા એવોર્ડ એનાયત કરાશે. આ ઉપરાંત અનેક ખ્યાતનામ કલાકારોને હનુમંત એવોર્ડ અને નટરાજ એવોર્ડથી સન્માનિત કરાશે. આ પર્વમાં ઉદયન ઠક્કર, રાજેશ વ્યાસ મિસ્કીન, બિપિન આશર, પ્રશાન્ત દવે, કે.કે. ખખ્ખર, હિમાલી વ્યાસ નાયક, ઓસમાણ મીર, વિદ્યુત જોશી, આરજે ધ્વનિત, પંડિત એમ. બાલ મુરલીકૃષ્ણ, પં. અજય ચક્રવર્તી, ઉત્સાદ અમજદ અલીખાં, હેલન, ઘનશ્યામ નાયક, અંજન શ્રીવાસ્તવ અને અભિનેતા જિતેન્દ્ર સહિતની હસ્તીઓ ભાગ લેશે.

# આજથી ટીચર્સ એજયુકેશન રેગ્યુલેશન્સ અંગે રાષ્ટ્રીય સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા તા. ૧ અને ૨ માર્ચ દરમિયાન અમદાવાદ વાયએમસીએ કલબ ખાતે 'નેશનલ ઓરિએન્ટેશન વર્કશોપ અને ટીચર્સ એજયુકેશન રેગ્યુલેશન ૨૦૧૪'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ બંને દિવસે સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં શિક્ષકોની તાલીમને લગતા ધારા ધોરણો એ નવા અભ્યાસક્રમના માળખાને આવરી લેતી પ્રોત્સાહક બાબતોને આવરી લેવાશે.

આ વર્કશોપમાં લકુલેશ યોગ યુનિવર્સિટના ચેરમેન ડો. દિનેશ અમીન, એનસીટીઈના ચેરમેન ડો. સંતોષ પાંડા તેમજ એસ.જી. યુનિ.ના કુલપતિ ડો. જતિન સોની ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સ્પોર્ટસ યુનિવર્સિટીના રવિન્દ્રસિંહ રાજ પુરોહિત, ડો ઓમ પ્રકાશ મિશ્રા કાર્યક્રમનું સંચાલન સંભાળશે. સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિ.ના રજીસ્ટ્રાર ડો. સુધીર મિશ્રા દ્વારા કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત કરાશે. આ વર્કશોપમાં વિવિધ પ્રેઝન્ટેશન્સ દ્વારા એનસીટીઈના ધારાધોરણો અને નવા અભ્યાસક્રમના માળખાકીય ખ્યાલો વિગતવાર રજૂ કરાશે.





### સરિતાઉદ્યાન પુનઃ ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે ધબકતુ થયું

એક સમય હતો કે ગુજરાતી ફિલ્મોનું મોટા ભાગનું શુટીંગ સરિતાઉદ્યાન, સાબર્મતી નદીના પટમાં કરવામાં આવતું હતું. પાટનગરના ધોળેશ્વર મહાદેવ, ઈન્દ્રોડામાં આવેલ સરિતાઉદ્યાન અને કિલ્લો તેમજ સેક્ટર-૮ બગીચો ગુજરાતી ફિલ્મો માટેના સુંદર લોકેશનો હતા. ત્યાર બાદ થોડા સમય માટે ગુજરાતી ફિલ્મોનું નિર્માણ ગાંધીનગરમાં બંધ થઈ જવા પામ્યું હતું. ત્યારે ફરીથી ગાંધીનગરના જાણીતા દિગ્દર્શક, નિર્માતા અને પ્રોડ્યુસર જગદીશ સોનીએ જૂની વાતોની યાદ તાજી કરાવી છે. પ્રથમ આત્મા ફિલ્મની સફળતા બાદ સોની પુનઃ 'ચોરના ભાઈ ઘંટી ચોર' ફિલ્મ બનાવી રહ્યા છે. અને તેનું મોટાભાગનું શુંટીંગ ગાંધીનગરના આંગણામાં કર્યુ છે. સરિતાઉદ્યાનમાં છેલ્લા એક અઠવાડિયાથી ફિલ્મનું શુટીંગ જોવા લોકો ઉમટી પડે છે. કોમેડી વિષય પર ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. અને ગુજરાતી ફિલ્મ અને ટેલિવીઝન ક્ષેત્રે નામના મેળવેલ કલાકારો ફિલ્મમાં અભિનય કરી રહ્યા છે. સરિતાઉદ્યાન ગાર્ડનને પુનઃ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ધબકતુ કરવાનું શ્રેય જગદીશ સોનીને ફાળે જાય છે.

# જગલો... ભગલો અને હોળી કા મૌકા મૌકા...!!!



રજળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

હે ભગલા તને શું લાગે છે ? આ રાહુલ ગાંધી ક્યાં હંતાણા હશે? ક્યાંક આપણા ગામમાં તો નથી ને?

અક્ષત પટેલનો દડો અચાનક ઉછળીને આવ્યો હોય એમ જગલાના આ બાઉન્સરથી ભગલો ડઘાઈ ગયો. છાપામાંથી માથું કાઢીને જવાબ આલ્યો મને શું ખબર જગા, મારે હમણાં રાહુલભાઈ હાયરે કાય વાત નથી થઈ, છેલ્લે ક્યારે જોયા હતા એ ય યાદ નથી મને તો -

મજાક ની વાત નથી પણ તને ખબર હોય કે નો હોય પણ એક વાત છે હો ભગા, આ રાહુલભાઈએ આખી કોંગ્રેસ પાલટીને અટાણે તો ગોટે ચડાવી દીધી છે, કોઈને ખબર નથી ક્યા છે પણ તોય બધાયને ખબર હોય એવું જ દેખાડ્યા કરે છે...કોક ક્યે ફોરીન છે ને કોક ક્યે ઈન્ડીયામાં જ છે...જે હોય તે પણ રાહુલભાઈની ચિંતા દેશમાં બીજું કોઈ તો નહિ પણ પાલટીવાળા તો કરે જ છે એ તો નક્કી થઈ ગયું

જગલા, આ છાપાવાળા એમ ક્યે છે કે ક્યાય હંતાણા નથી પણ કાયક ચિંતન-ફીન્તન કરવા ગયા છે પણ મને એવું લાગે છે કે રાહુલભાઈને એમ થયું હઈશે કે આ બુઢીયાવ મારી કોઈ વાત હાંભળતા નથી ને એક પછી એક ચૂંટણી હારીએ છીએ એમાં આબરૂ મારી ઓછી થાય છે... મમ્મી હાજા-માંદા રહ્યા કરે છે ને પેધી પડેલા જુના જોગીયું કીધું કરતા નથી એમાં ને એમાં લોકસભા ય ગઈ...લોકસભા તો ઠીક પણ દિલ્લી જેવા દિલ્લી માં ય બોળાવ્યુ...હવે ક્યાં મોઢે સંસદમાં ય ૪૦-૪૨ જણાને લઈને મોદીની હામે બાથ ભીડવી એના કરતા ક્યાંક થોડાક દી એકલા એકલા રહીને વિચારી જોઉં, જો કાયક હુજી આવે તો બાપ-દાદાની પાલટીને પછી બેઠી કરી હ્કાય

વાત તો તારી હાચી લાગે છે ભગલા,... હો વરહ જૂની પાલટી જો આવું ને આવું હાલે તો હાવ ભુસાઈ જાય ને રાહુલ્ભાય ની ચિંતા વાજબી છે કે કઈક મોટા ધડાકા કરવા પડે પાલટી ને જીવતી રાખવા...એટલે જ કઈક ડા વિચાર વિશ્વ માં ભ્રમણ કરવા ગયા હશે...આવી ને કઈક નવાજુની કરશે એ નક્કી... બાકી ક્યાય જાય નહિ ને જાય પણ શુકામ ને ? આ હવે તો જો ને દિલ્લીમાંય બધુય મફત જ મળવા માંડ્યું છે.

હે જગા, આ કેજરીવાલ હાચેકાના આ બધુય મફત આપશે....કાયમી...? મારું હાળું તો તો દિલ્લીનું નામ મફતનગર નો પડી જાય ક્યાંક!!!

જો ભગા, આમાં શું છે કે હુઝ ફાધર્સ ફેસ્ટીવલ જેવું છે

એટલે ? કાય હમજાય એમ કયો જગાભાય

કોના બાપની દિવાળી... અસલમાં રાજકારણીઓ વચન તો એવી રીતે આપતા હોય કે જાણે કુબેરનો ભંડાર તો એમની મુઠ્ઠીમાં જ છે.. આ ટોપીવાળા પણ હવે પાક્કા રાજકારણી બની ગયા છે...ગયા વખતે તો શું કે હજુ લર્નિંગ લાયસન્સ હતું પણ આ વખતે હંધાયના સુપડા સાફ કરીને પાક્કું લાયસન્સ લઈ લીધું છે એટલે અટાણે તો એની ગાડી કોઈ રોકે એમ છે નહિ.

પણ જગા આને હાચેકાના પાણી મફત આપવાનું કીધું છે ને લાઈટુના બીલમાં પણ આ છાપું ક્યે છે એમ કઈક અરધોઅરધ કાપ મેલી દીધો છે ને કઈક ઓલું મફત વાય-ફાય પણ આપવાના છે.

બરાબર છે...છાપું ખોટું નો ક્યે ભગા,,જો કે વાય-ફાય વાળું થોડુક ટર્મ્સ એન્ડ કન્ડીશન વાળું છે પણ વેલુ-મોડું આવડા આ ઈ પણ આપશે તો ખરા જ... આ વખતે અરવિંદભાઈ ગઈ વખત જેવી ભૂલું નહિ કરે ઈ નક્કી...ખાસ કરી ને રાજીનામું આપવાની..જે કરે ઈ પણ એ બહાને પબ્લિક નો ફાયદો થાય છે એના જેવું એકેય નહિ.

જગાભાઈ, પણ મને ઈ નથી હમજાતું કે મફત પાણી ને આ લગભગ મફત લાઈટુ દેવા માંડશે તો પછી સરકાર પાહે રૂપિયા નઈ ઘટે?

રૂપિયા ઘટે તે દી ની વાત તે દી અને રાજકારણીઓને તો હાથ ચા કરતા કાઈ વાર નો લાગે, ઈ તો ફટ દઈને કઈ દયે કે હરિયાણાવાળા પાણી નથી આપતા, લાઈટ કંપનીવાળા રાહત માંગે છે કે પછી છેલ્લે મોદીસાય્બ અમને હેરાન કરે છે, હોઠ હાજા તો ઉત્તર જાજા...ને ભગલા પબ્લિક ય હમજે છે કે જેટલું મળે એટલું ને જેટલી વાર મળે એટલી વાર વાપરો પછી ક્યાં સરકારની હામે બેડા સરઘસ કાઢતા નથી આવડતું

જગલા, જો કેજરીવાલ સરકાર કડકીમાં આવે તો આપણી પાહે એક મસ્ત આઈડિયા છે.

અરે વાહ ભગા, તને ય હવે તો આઈડીયાયુ આવવા મંડ્યા ને કાઈ? બોલ બોલ.

હું શું કઉ છું જગા કે જો પૈસા ખૂટે ને તો કેજરીવાલે મફલરોની હરરાજી ચાલુ કરી દેવાની, એની પાહે તો કેટલાય મફલર હઈશે...એય ને હો-બ્સ્હો કરોડ તો રમતા રમતા ભેગા થઈ જવાના.

હહાહાહાહા ભગલા, જબરું લાયો હો તું બાકી...પણ એક વાત હમજી લે ભાઈ, શૂટમાં ને મફલરમાં હાથી ઘોડાનો ફેર હો...

એ તો મનેય ખબર છે જગા કે શૂટમાં કાપડ વધુ હોય એટલે એના તો રૂપિયા ય જાજા આવે ને મફલરમાં તો લીરો એક કાપડ જ હોય, એના આવી આવીને કેટલા રૂપિયા આવે?

એવું નથી બકા, પણ મોદીસાય્બને કેજરીવાલમાં કઈક ફર્ક કે નહિ? સાય્બનો શૂટ એટલે શાય્બનો શૂટ એના કરોડો રૂપિયા આવે જ.. તને યાદ છે ને સાય્બ ગુજરાતમાં હતા ત્યારેય એમની ચીજવસ્તુની હરરાજીના કરોડો રૂપિયા આવતા જ...ને હવે તો વડાપ્રધાન છે એટલે એમની ચીજવસ્તુના લોકો યાદગીરી તરીકે હાચ્વવાના હારા માય્લા રૂપિયા આલે જ પણ કેજરીવાલ હજુ ઈ સ્ટેજે પોક્યા નથી એટલે આઈ ડાઉટ.. પણ તારો આઈડિયા છે હારો...

મને હું ખબર...પણ આમ જોવા જાવ તો હારું થયું.. આ શૂટનો આટલો ઉંચો પ્રેમભાવ આવ્યો ઈ જોઈને ભવિષ્યમાં માયાવતીના સલવારો , મુલાયમની બંડીઓ, લાલુના સ્વેટરો, રાહુલના જભ્ભા, સોનિયાની સાડીઓની પણ હરરાજી થઈ શકે છે...

હહાહાહા ભગા એમ તો એવુય બને કે કાયલ હવારે ઓબામાં પણ મોદી મુલાકાત વખતે પહેરેલો શૂટ વ્હાઈટ હાઉસમાં વેચવા મુકે... ઓય્લો જીન્ગ્પીગ પણ રેડ સ્કેવર પર આવી જ કાયક હરરાજી ચાલુ કરે... કાઈ નક્કી નો કેવાય... સાય્બનો જાદુ જ એવો છે.

એમા નાં નહિ હો. આ જો ને ઓલ્યા અન્ના બધુય માળીયે ચડાવીને નિરાંતે બેઠા હતા એનામાં પણ જોમ આવી ગયું પાછું, પાછી રેલી ને ધરણાની સીઝન આવશે દિલ્હીમાં એવું લાગે છે મને તો, હમણાં તો અન્ના ચાર મઈનાની મુદત નાખીને ગયા છે પણ જો કઈક ધું ચત્તું થયું તો પાછુ એયને જંતરમંતર ઉપરથી દીપક ચોરસિયા આપણને લાઈવ જોવા મળશે.

તો શું ભગા, ટીવીવાળવને તો ગમે એમ ચોવ્વી કલાક ચાલુ રાખવું કે નઈ ? ને એમને તો મસાલો પણ મળી જ રહે ગમે ત્યાંથી.... એવું ખેચે એવું ખેચે ને કે ભગા ઘણી વાર તો ચેનલ જ બદલી નાખવી પડે...મને તો ઘણી વાર બીક લાગે કે આવડા આ ક્યાંક બાધી નો પડે...હાચ્ચે બથોબથ આવવાનું જ બાકી રાખે એટલી ગરમી પકડી જાય ચર્ચાયું કરવામાં...

જગા, તને ખબર નો પડે પણ એ એમ ઝગડી નો પડે.... એ બધાયને તો આ રોય્જનું થયું...ને શું છે કે ટીવી ઉપર ભલેને ગાળાગાળી કરતા હોય પણ ઓમ મૂળ તો બધાય એકના એક જ હોય....આ તે જોયું નઈ ઓલ્યા મુલાયમના ભત્રીજાના પ્રસંગમાં કેવા મોદી - લાલુ ને મુલાયમ હળીમળીને મોજ કરતા હતા.. હવે પેલા જેવી દુશ્મનાવટો એકેય પોલીટીશ્યનને રાખવી પોસાય એમ નથી..એનું કારણ કે ગમે ત્યારે પલ્લું ભારી કે હળવું થઈ શકે છે...એટલે ટીવીના પડદે કે સભાયુમાં ભલે હાકલા પડકારા કરે પણ આમ બધા ભેગાને ભેગા જ ગણવા...ને દેશ માટે પણ હારું ને...આપણે ખોટી નૌટંકીયુ જોવી નઈ ને...આ બહુમતીનો આ ફાયદો...કોઈ ખોટી ધમ્કીયું મારે નઈ ને એયને બધાય દબાઈને પણ રયે!!

ભગલા પણ આ સ્વાઈન ફ્લુ કે દી દબાશે એ તો કહે...રોજ ને રોજ આ છાપાવાળાવ ક્રિકેટના સ્કોરની જેમ દર્દીના અને મોતના આંકડા છાપે છે તો હાળી બીક બૌ લાગે છે... માણહ માત્ર હવે બીવે છે ને પાછા જાહેરાતુંમાં લખે કે હાથ નો મીલાવવા...તે હે ભગા આ હમણાં લગ્નની સીઝન ગઈ તો એમા તો કેટલાયે હસ્તમેળાપ થયા હઈશે એમાં આ હાથ તો મીલાવવા જ પડે ને...

શું જગલા તુ ય જે મનમાં આવે ઈ ભરડયા કરે છે, અલ્યા હાથ ના મીલાવવા એ સાવચેતીનું પગલું છે અને સ્વાઈન ફ્લુ તો દર વર્ષે જેવો શિયાળો ખતમ થતો હોય ને ઉનાળો આવવા જેવો હોય ત્યારે થાય જ છે...આ કાઈ પહેલી વાર નથી થયો ને આખાયે ભારતમાં ને વર્લ્ડમાં થતો જ રહે છે પણ જો તરત જ સારવાર લઈએ તો કાઈ ફ્લુ-બ્લુની અસર થાય નહિ..સરકારના ભરોસે રહેવા કરતા આપણે આપણી જાતે જ સાવચેત રહીએ તો કશું નાં થાય.

એ તારી વાત તો હાચી હો ભગા, મેં ય હાથ વારંવાર ધોવાનું, છીક આવે તો રૂમાલ નાક આડો રાખવાનું ને એવું ચાલુ કરી દીધું છે બાકી તારી વાત હાચી એક્હારે સેકડો માણસો બીમાર પડતા હોય ત્યારે સરકારી તંત્રના ભરોસે બેહવા કરતા આપણે જાતે જ સાવચેત થઈ જવું જોઈએ, આપણે જાતે જ ૧૪૪મી કલમ જેવું વર્તન કરીએ તો ફ્લુ-બ્લુ માયરા ફરે હોં.

જગા આ ૧૪૪મી કલમ ઉપરથી યાદ આવ્યું કે આપણા દેશના અમુક રાજકીય નેતાઓ, ધાર્મિક નેતાઓ અને અમુક બુદ્ધિજીવીઓની જીભ ઉપર પણ ૧૪૪મિ કલમ લગાડવાની જરૂર નથી લાગતી તને? રોય્જ કોક ને કોક તો એની અક્કલનું પ્રદર્શન કરતું જ હોય છે, જાણે બુદ્ધિ એમના એકમાં જ ભયરી હોય એમ -

● અનુસંધાન પાના - ૭ પર